R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 6 October - 2012

## પ્રેમની સ્વીકૃતિ

ક્યારેક માણસ પ્રેમ પામવા માટે મંડી પડે છે, મચી પડે છે. ફાંફા મારવાથી પ્રેમ ન મળે, પ્રેમ પામવાનો કોઈ પ્રોજેક્ટ ન હોઈ શકે. મેઘ ધનુષ્યનું આયોજન ન હોઈ શકે. ટહુકાનું ટાઈમટેબલ ન હોઈ શકે. મોરના નૃત્યનો કોઈ મેરિટી શો ન હોઈ શકે. ઝરણાંના વહેણનો કોઈ નિશ્ચીંત રૂટ ન હોઈ શકે. પ્રેમ સહજના કિનારે ઉગે છે. સ્વચ્છ રેતીમાં આળોટે છે. ખુલ્લી હવામાં વિસ્તરે છે અને અનંત આકાશમાં વ્યાપે છે. તમે કોઈને પ્રેમ કહો છો એનો અર્થ એજ કે તમે આખાને આખા વ્યક્તિત્વને પ્રેમ કરો છો. પ્રિયજનના અખિલ અસ્તિત્વને અકબંધ રાખ્યા વિના પ્રેમ પામવાનું શક્ય નથી. પ્રેમ અધિકાર નથી આવિષ્કાર છે. પ્રેમમાં કરાર નથી હોતો કેવળ સ્વીકાર હોય છે. તમે તમારી પ્રિય વ્યક્તિ પર તમારા વિચારો લાદો તેજ ક્ષણે પ્રેમ સંબંધ ખતમ થાય છે. લગ્ન સાથે કરાર અને અધિકાર જેવા બે શબ્દો જોડાય જાય છે. પરિણામે લગ્નસબંધ ઘણુખરુ પ્રેમ સબંધની ખાતરી નથી આપતો. પ્રેમ જીવનની આડમાં છુપાય રહેલ માલિકી ભાવને સમજી લેવાનો છે. લગ્ન મંડપમાં ઘણું ખરું અપેક્ષાઓનોજ હસ્તમેળાપ થતો હોય છે. અધિકાર કદીય આવિષ્કારની ખાતરી ન આપી શકે. હસ્તમેળાપ હૃદય મેળાપની ખાતરી ન આપી શકે.

**2nd Cover Page**



શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી સુરેન્દ્રભાઈ રતિલાલ પરીખ (સુરેન્દ્ર એન્જી. કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ અને શ્રી મીનીષભાઈ બાબુલાલ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત ગમતના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલા દાતા શ્રી દક્ષેશભાઈ બાબુલાલ કડકીઆ, પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ, ઉપપ્રમુખ શ્રી સૌમિલ મોદી, મંત્રી શ્રી ભાવેશ મોદી, સહ મંત્રી શ્રી જાસ્મીન શેઠ, સંયોજક શ્રી અજીત મોદી અને સાથી કાર્યકર્તા



# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૬ | ૨૦-૧૦-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**નિખિલ પરીખ (તંત્રી)**

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## ધાર્મિકતાની ફેશન

**તંત્રી સ્થાનેથી**

છેલ્લા કેટલાંક વર્ષોથી નવી ફેશન નીકળી છે. ‘ધાર્મિક’ દેખાવાની. બધા લોકો ધાર્મિક દેખાવા પ્રયત્નશીલ છે. કો’ક દરરોજ મંદિર જાય છે, કો’ક રોજ પૂજા પાઠ કરે છે, કો’ક દસ માળા ફેરવે છે કે માળાઓ બનાવીને ધરાવે છે, વર્ષમાં ચાર વાર શ્રીનાથજી કે ગોકુળ જાય છે, ઉપવાસ કરે છે, અમુક અમુક શાકભાજી ખાવાનું છોડે છે, પુજા પાઠ કરે છે, તીર્થયાત્રાઓ કરે છે, ઉઘાડા પગે અને એક વસ્ત્ર પહેરી મંદિર કે દેરાસરે જાય છે, ટીલા ટપકાઓ કરે છે અને વધુને વધુ ધાર્મિક દેખાવા પ્રયત્ન કરે છે. પાછું પેલાં કરતાં હું વધુ ધાર્મિક છું એવું બતાવવાના બધા પ્રયત્નો પણ કરે છે. આ બધું તો ઠીક છે પણ લોકો માને છે કે અમે ધર્મ કરી રહ્યા છે. આતો એવું થયું કે રોજ તબલાની પૂજા કરવાથી તબલાવાદક બની જવાય. સમજયા વગર, ભણ્યા વગર રોજ શ્રી કૃષ્ણ શરણ મમઃ સો વાર લખવાથી પાસ થઈ જવાય, સારેગમ, લખવાથી સંગીતજ્ઞ થઈ જવાય. વર્ષોની આરાધના, સાધના પછી કો’કજ સંગીતજ્ઞ કે તબલાવાદક બની શકે છે. દસ વીસ વર્ષોના સખત અભ્યાસ પછી કો’ક ડોકટર કે એન્જીનીયર બને છે. જયારે આતો આપણા પોતાના સમગ્ર વ્યક્તિત્વના પરિવર્તનની વાત છે. ધર્મ દ્વારા આપણા મન, બુદ્ધિ, શરીર, હૃદય બધું જ બદલવાની Total Transformation ની વાત છે. આપણા

શરીરના, આત્માના, બુદ્ધિના અણુએ અણુમાં પરિવર્તનની વાત છે. તો પછી આ ધાર્મિકતાની ફેશનથી કેવી રીતે બદલાવ આવવાનો છે. આત્માનો રંગ ન બદલતા આપણે આપણા કપડાંનો રંગ ભગવો કરીને સંતોષ માની લઈએ છીએ, કારણ કે આ બહુ સહેલું છે. ધાર્મિક થવું સહેલું છે એટલે આપણે ધાર્મિકતાનો આંચળો પહેરી લઈને આપણા મનમાં ધાર્મિક હોવાનો ભ્રમ ઉભો કરી લઈએ છીએ. આપણે આ બધાને પરમાત્મા તરફ જવાનું સાધન સમજીએ છીએ. પથ્થરને હીરો સમજી બેઠા છીએ. હવે આપણે જો આપણી પાસેના પથ્થરને હીરો સમજી લઈએ તો પછી હીરાની શોધ જ અટકી જશે સાધન ન હોય તો ચાલે પણ ખોટા સાધન ન જ ચાલે. કો'ક માણસ બિમાર હોય ને કો'ક ઉંટવૈદની ખોટી દવા કર્યા કરીએ અને માનીએ કે સાજા થઈ જઈશું કે રોગ મટી જશે તો એ ક્યારેય થવાનું નથી પણ એ ખોટી દવા ન લઈએ તો કદાચ આપણી સાચી દવાની શોધ શરૂ થશે. એવી જ રીતે જ્યારે ધાર્મિકતાના ખોટા સાધનો છોડી દઈશું ત્યારેજ સાચા સાધનોની ખોજની દિશામાં આપણી યાત્રા શરૂ થશે. આપણી દ્રષ્ટિ મંદિર તરફ હોય તો પછી આત્મા તરફ ક્યાંથી જાય. જે લોકો મંદિરને જ ભગવાનનું ઘર માને છે. એ શું એમ કહેવા માંગે છે કે મંદિર સિવાય ભગવાન ક્યાંય છે જ નહીં. જે લોકો તીર્થ સ્થાનોને પવિત્ર માને છે એ લોકો માટે શું શેષ જગત પવિત્ર નથી? ધાર્મિકતા એ છે કે મનુષ્ય જ્યાં ઉભો હોય ત્યાંજ પરમાત્માના મંદિરની અનુભુતિ કરે. આટલી વિશાળ દુનિયા ઉપર આકાશની છત, પવનની ધજા, સુર્ય જેવી આરતીની જ્યોત, પક્ષીઓની ધ્વનિનું સંગીતમય કીર્તન આ બધામાં જેને મંદિરની અનુભુતિ ન થતી હોય એજ ભગવાનની નાનકડી કોટડી બનાવી, સૂર્યને છોડીને દીવાઓ પ્રગટાવે છે, પણ જેને સૂર્યમાં નથી દેખાતું એને દીવામાં ક્યાંથી દેખાવાનું છે. ફક્ત મંદિરની મુર્તિઓમાં ભગવાન દેખાતો હોય એમને બીજા મનુષ્યોમાં ભગવાન ક્યાંથી દેખાય. મંદિરમાં રાજભોગ ને છપ્પનભોગ કરાવનાર ને ગરીબની ભુખ ક્યાંથી દેખાય. મંદિર તરફ જ નજર રાખનારને હોસ્પિટલના કણસતાં દર્દીઓ કે અનાથાશ્રમના બાળકો ક્યાંથી દેખાય. ધર્મના જુઠા સાધનોએ ધાર્મિકતાનો ભ્રમ ઉભો કર્યો છે જેમાં ધર્મ ક્યાંય છુપાઈ ગયો છે.

પાપ પુણ્યની આપણી વ્યાખ્યા પણ અનોખી છે. આપણે પાપ કરીએ છીએ પછી ધોવા માટે જાત્રા કરીએ છીએ કે પછી ગંગાસ્નાન દ્વારા પાપ ધોવાની ચેષ્ઠા કરીએ છીએ. ખોટા માર્ગે ધન મેળવીએ છીએ, પછી દાન કરીને પુણ્ય કમાવવા નીકળીએ છીએ દાનને ત્યાગનું નામ આપીને અકડથી ચાલીએ છીએ. પાપ કરવાની ગીલ્ટ ફીલીંગ (અપરાધભાવ) થાય છે એટલે એ ગીલ્ટ ફીલીંગમાંથી છુટવા આ બધુ કરીએ છીએ અને આપણો અપરાધભાવ છુટી જાય છે, ફરીથી બીજા પાપ કરવા આપણે ફરીથી આઝાદ થઈ જઈએ છીએ. આમ મુક્તિનો ભાવ આપણને પસ્તાવો કરતાં કે બીજા પાપને રોકવામાં બાધારૂપ બને છે. જો આપણે માનીએ કે આ કર્મ પાપ છે તો એનો પસ્તાવો થવો જોઈએ. અપરાધભાવ નહી પણ અપરાધ દુર કરવાનો પ્રયત્ન કરવાનો છે. ફરી પાછું ધાર્મિક સાધનો આપણને સાધક બનતાં રોકે છે.

ઘણા લોકો શાસ્ત્રોનો દાખલો આપીને કે ધાર્મિક ગ્રંથોનો દાખલો આપીને વાત કરે છે. આપણો મનુષ્ય સ્વભાવ છે કે આપણને જે ગમે, જે સારું લાગે એજ આપણે પકડી લઈએ છીએ. એનો મનગમતો અર્થ કરી લઈએ છીએ. એ લખનારે કયા સંદર્ભમા લખ્યું હશે. કયા સંજોગોમાં લખ્યું હશે એનો વિચાર કયાં કરીએ છીએ. ગીતાના વાક્યો વાત વાતમાં ટાંકનાર એનો અર્થ સમજવા કેટલો પ્રયત્ન કરે છે. બીજાના અનુભવો પકડીને કોઈ આગળ વધી ન શકે. દરેક વ્યક્તિ પોતાના વિચારો અને અનુભવો દ્વારા જ શીખી શકે છે.

ધાર્મિકતાના બધા સાધનો, પાપપુણ્યની આપણી માન્યતાઓ, ધાર્મિક ગ્રંથો કે ધર્મગુરુઓ કોઈપણ આપણને ધર્મ તરફ લઈ જાય છે એ વાત જો આપણે ભુલી શકીએ, ધાર્મિકતાનો આંચળો ફગાવી દઈએ તો આપણી ધર્મયાત્રા શરૂ થશે. ધર્મ ક્યાંય બહાર શોધવાનો નથી. ધર્મ એટલે અંદર જવાનું છે. આપણી અંદર રહેલા પ્રેમને, કરૂણાને બહાર લાવવાના છે. ક્રોધ, વાસના, અભિમાન ને બહાર ફેંકી દેવાના છે. દર્પણમાં આપણી પોતાની જાતને જોવાની છે. ફક્ત સૌંદર્યને નહી કદરૂપતાને પણ જોવાની છે. જો આપણે આપણી કદરૂપતા જોઈ શકીશું ? તો જ એને દુર કરવા પ્રયત્ન કરીશું. બાકી ધાર્મિકતાના ખોટા કપડાઓ પહેરીને કદરૂપતાને છુપાવવા પ્રયત્ન કરીશું તો એને બદલવા તરફની આપણી ગતિ ક્યારેય શરૂ નહી થાય. ફક્ત ભગવાન તરફ દ્રષ્ટિ રાખીએ તો સમગ્ર જીવમાં રહેલા ભગવાન આપણને ક્યારેય નહી દેખાય.

વાંચક મિત્રો, દર વખતની જેમ અહીંજ લેખ પુરો કરવા માટે મન ના કહે છે. મારી માન્યતાઓની વાત અહીં પુરી થાય છે. પરંતુ કેટલાંક સાચા ધાર્મિક લોકોને અન્યાય કરવાનો મારો ઈરાદો નથી. પુજાપાઠ કરતાં, માળા બનાવતાં કે માળા ફેરવતા લોકો પણ એટલો વખત ખરાબ વિચારોથી દુર રહેતા હોય છે. મનની અંદર ઉતરીને પોતાને જોતા હોય છે. પોતાના કરેલા અપરાધભાવને પ્રભુ સમક્ષ પ્રગટ કરીને માફી માંગી પસ્તાવો કરતા હોય છે અને ફરીથી એ અપરાધ કે પાપ ન કરવાનો નિર્ણય કરતા હોય છે. ઉપવાસ દ્વારા કે અમુક વસ્તુઓનો ત્યાગ કરતાં કરતાં મનની ઈચ્છાઓ ઉપર કાબુ મેળવવા પ્રયત્ન કરતા હોય છે. દાન, પુણ્ય મેળવવા નહી પણ ''મારી કમાણીમાં ઈશ્વરનો ભાગ છે અને હું જે દાન કરું છું એ ફક્ત એનો હિસ્સો એને સમપર્ણ કરું છું.'' એવા ભાવથી પણ કરતા હોય છે. શાસ્ત્રોનો અભ્યાસ કરીને પોતાના જીવનમાં પરિવર્તન લાવવા પ્રયત્ન કરતાં હોય છે. આવા સાચા ધાર્મિક લોકોને ધાર્મિકતાની ફેશન કરતાં લોકોથી જુદા દેખાડવાનો જ મારા આ લેખનો હેતુ છે.

**- નિખિલ પરીખ**

# જીવન

દુનિયાનો પ્રત્યેક આત્મા દરેક ગતિમાં ત્રણ વસ્તુ અવશ્ય પામે છે. જન્મ, જીવન અને મૃત્યુ. જગતમાં સનાતન સત્ય છે કે જે જન્મે છે તેનું મૃત્યુ છે. જે ખીલે છે તે કરમાય છે. પરંતુ જન્મ અને મૃત્યુ બન્ને વચ્ચેનું જીવન બહુ મહત્વનું અંગ છે. જીવન એ ભગવાને આપેલી સુંદર ભેટ છે. જીવન જીવવાની જો ચાવી આપણને મળી જાય તો જીવન જીવવાની મજા જ કંઈક અલગ છે. જીવન એક રમતના મેદાન જેવું છે અને આપણે બધા ખિલાડી. ક્યારેક રમતમાં હાર મળે અને ક્યારેક જીત. જીવનમાં પણ ક્યારેક સફળતા અને ક્યારેક અસફળતા. જો મન મક્કમ કરીને રમત રમીએ તો જીત અવશ્ય મળે જ છે.

આપણા જીવનમાં આપણે દરેક પ્રકારના ભૌતિક સુખો મેળવવા માટે નિતિમતાના તમામ ધોરણને નેવે ચડાવી એક આંધળી દોટ મુકીએ છીએ. પણ દરેક વખતે ધારેલું સુખ મૃગજળ સાબિત થાય છે અને શરૂ થાય છે એક નવી દોડ. આપણે એક યા બીજી રીતે આમાં શામિલ છીએ. જાણે કે એક વિષચક્રમાં ફસાયા છીએ. શું ક્યારે નહી તુટે આ વિષચક્ર ? ના એવું નથી જો તમે પોઝીટીવ થીન્કીંગની ચાવી સાથે રાખશો તો આ ચક્ર જલ્દી તૂટી જશે. જીવન એવું જીવવું જોઈએ જેના ક્ષણ ક્ષણમાં આનંદ હોય. પલ પલ યાદગાર બને. નાની નાની વાતોમાં આપણે ખુશ રહીએ. બીજાને સુખ અને ખુશી આપીએ. એમા આપણું ઘર-પરિવાર, મિત્રો, પાડોશી અને સગા-સંબંધી બધાજ આપણા જીવનના અનમોલ રતન છે. જેમની સાથે આપણે જીવન વ્યતિત કરવાનું છે. આપણે આપણી સાથે તેમનું જીવન પણ સુખમય બનાવવાનું છે. Health is Wealth જો આપણે તંદુરસ્ત રહીશું તો જીવન જીવવાની મજા આવશે. એક બિમારી આપણા જીવનને અસ્તવ્યસ્ત બનાવી દે છે. લોકો કહે છે ને જીવનમાં ક્યારે પણ ડોકટર અને વકિલના દરવાજે ન જાવું પડે.

હમણાની જનરેશન તો ઘણી હેલ્થ કોન્સીયસ થઈ ગઈ છે. લોકો સવારના ચાલવા જાય છે. યોગા, જીમમાં કસરત કરવા જાય છે. ખાવા પિવામાં ધ્યાન રાખે છે. અમારા યોગગુરૂ એ અમને થોડા સોનેરી વાક્યો આપ્યા છે જે હું બધાને જણાવવા માંગુ છું. હજીપણ જેઓ દવાઓ પર જીવતા હોય અથવા ભવિષ્યમાં ડોકટરોના મોટા મોટા પ્રિસ્ક્રીપ્શનથી બચવા માંગતા હોય, જીવનને આનંદમય બનાવવા માંગતા હોય તેમના માટે

એક નવું પ્રિસ્ક્રીપ્શન જે ડો. કે. આર. મોમિને 'અશોક' લખ્યું છે. આવી દવાઓની કોઈ સાઈડ ઈફેક્ટ નથી તે નીચે પ્રમાણે છે.

- દરરોજ ઓછામાં ઓછી ત્રણ વ્યક્તિના ચહેરા પર ' સ્મિત લાવો.
- ચર્ચા, નિંદા, કુથલીમાં સમય ન બગાડો.
- ભૂતકાળ ભૂલી જાઓ વર્તમાનકાળનો આનંદ લો.
- સરખામણી કરવાનું છોડો, કારણ કે તમારા સુખનું કારણ ફક્ત તમે છો.
- દરેકને સ્મિતસહ માફી બક્ષો. જતું કરવાની ટેવ પાડો.
- ગમે તેટલી ખરાબ પરિસ્થિતિ હશે, બદલાશે જરૂર.
- ઉત્તમ હજી આવવાનું બાકી છે. માટે દરરોજ સવારે ઉઠીને ઈશ્વરનો આભાર માનો.
- દરરોજ અડધો કલાક ચાલવા જાઓ અને હા, ચાલતી વખતે ચહેરા પર સ્મિત હોવું જરૂરી છે.
- દરરોજ સાત કલાક ઉંઘો અને દસ મિનિટ એકાંતમાં બેસો.
- ધ્યાન, યોગ અને પ્રાર્થના માટે સમય ફાળવો.
- જીવનમાં ત્રણ મહત્વના ગુણ છે જોશ, ઉત્સાહ અને કરુણા એને સાથે જ રાખો.
- સિતેરથી વધારે ઉમરના વૃધ્ધ અને સાતથી ઓછી ઉમરના બાળકો સાથે થોડો સમય ગાળો.
- જાગતામાં સપના જુઓ.
- દરરોજ એક ફળ ખાઓ.

તો આ સુંદર પ્રિસ્ક્રિપ્શન સંભાળીને રાખજો. જીવનભર મોંઘી દવાઓ ખાવા કરતા આ દવા બહુ સારી છે. જીવન જીવી જાણજો. આપણને બધાને ખબર છે.

જીંદગી ના મિલેગી દોબારા.

**– વૈશાલી હિમાશું મોદી (ઠાસરાવાળા)**

# બાલાસિનોર નવયુવક સંઘ
## આંતરિક રમત-ગમત વિભાગ

જ્યોતીપુંજ ઓગસ્ટ ૨૦૧૨માં જણાવ્યા મુજબ, ઉપનગરમાં આ વર્ષે કાંદીવલી મુકામે ગ.સ્વ. કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) બાલાસિનોર C.H.S., Banglow No. 21, S.V.Road, Opp Fire Brigade, Kandivali (West), Mumbai - 67, ખાતે આયોજન કરેલ છે.

જેઓને ચેસ, કેરમ, બેડમીન્ટન અને ટેબલટેનીસ જેવી ગેમ્સમાં ભાગ લેવો હોય તેઓએ એન્ટ્રી ફોર્મ ભરીને જ્યોતીપુંજમાં જણાવ્યા મુજબ ઈન્ડોર ગેમ્સની કમીટીના સભ્યોને આપી જવા વિનંતી.

કેરમ અને ચેસ સ્પર્ધા તા. ૯-૧૨-૧૨ના સવારે ૧૦ વાગે ઉપર જણાવ્યા મુકામે શરૂ કરવામાં આવશે.

બેડમીન્ટન અને ટેબલટેનીસ સ્પર્ધાની તારીખ અને સ્થળ આગામી અંકમાં જણાવવામાં આવશે.

**સંયોજક - અજીત મોદી : ૯૮૬૯૦૨૯૪૮૬**

**મંત્રી : ભાવેશ મોદી**

### ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર
## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

ગત વર્ષની જેમ જે પરિવાર આર્થિક રાહત અથવા અન્ન સહાય લેતા હોય તેમને સંસ્થા તરફથી રૂા. ૪૦૦/- અને આ યોજના દાતા તરફથી રૂા. ૧૦૦/- એમ કુલે રૂા. ૫૦૦/- તા. ૨૫-૧૦-૧૨ થી ૩૧-૧૦-૧૨ સુધી પ્રગતી સમાજની ઓફીસ ખાતે મળશે. **- સંયોજક : ચંદ્રેશ પી. કડકીઆ**

**મંત્રી : ભાવેશ બી. મોદી**

# સુખની શોધમાં

## સુખનું સરનામું આપો

જીવનના કોઈ એક પાના પર એનો નકશો છાપો,
સુખનું સરનામું આપો
સૌથી પહેલા એ સમજાવો ક્યાંથી નીકળવાનું,
કઈ તરફ આગળ વધવાનું ને ક્યાં ક્યાં વળવાનું,
એના ઘરનો રંગ કયો છે ક્યાં છે એનો ઝાંપો.
સુખનું સરનામું આપો
ચરણ લઈને દોડું સાથે રાખું ખુલ્લી આંખો
ક્યાંક છુપાયું હોય આભમાં તો ફેલાવું પાંખો,
મળતું હોય જો મધ દરિયે તો વહેતો મુકુ તરાપો.
સુખનું સરનામું આપો
કેટલા ગાઉ જોજન, ફલાંગ કહો કેટલું દુર?
ડગ માંડુ કે મારુ છલાંગ કહો કેટલું દુર?
મન અને મૃગજળ વચ્ચેનું અંતર કોઈ માપો.
સુખનું સરનામું આપો ...

**- શ્યામલ મુનશી**

જેનું સરનામા વગરનું ઘર છે એ સુખને આપણે સરનામું પૂછી પૂછીને આપણાથી અળગું કરી નાખ્યું છે. રોજ સવારે આંખ ઉઘડે ને સૌથી પહેલાં આપણે શું જોઈએ છીએ જરા વિચારો. આપણે ઘડિયાળ જોઈએ છીએ સૌથી પહેલી લાગણી શું થાય છે? મોડુ થઈ ગયાની... અફસોસની .... રહી ગયા ની ... પાછળ પડી ગયાની. ઘડિયાલના કાંટે આપણી જીંદગી સેટ થઈ ગઈ છે. આટલા વાગે ઉઠવાનું આટલા વાગે નહવાનું, આટલા વાગે ગાડી પકડવાની, ઓફિસે આટલા વાગે પહોંચવાનું, જમવાનું આટલા વાગે, સુવાનું બધું જ ઘડિયાલના સમય પ્રમાણે શું ક્યારેય આપણે પંખીની જેમ પાંખો ફફડાવીને ઉઠી શક્યા છીએ?

જાગીને સમયને કાંડે બાંધી દઈએ છીએ. માનીએ છે કે આપણે બાંધ્યો છે સમયને પણ જાણતા નથી કે સમયે આપણને બાંધ્યા છે કહેવાય છે કે ઘડિયાલને કાંટા હોય છે. એટલે જ આપણે પૂછી એ છીએ કેટલા વાગ્યા. ઘડિયાળ પ્રમાણે જીવીએ એટલે કાંટા જ વાગે ને.

રોજ રોજની ભાગ દોડમાં સફળ થવાની રેસમાં કઈ કેટલું યે ખોઈ નાખ્યું છે અને એમા સૌથી મોટુ નુકશાન સંબંધોનું અને સંવેદનાનું થયુ છે. દુનિયા નાની થઈ ગઈ છે એમ કહે છે સૌ. કોમ્યુનિકેશન, ગ્લોબલ નેટવર્ક, ઈન્ટરનેટ, ફોન અને વિડીયો કોનફરન્સિંગથી દુનિયાના કોઈપણ વિસ્તારને જોડી શકાય છે. અને છતાં એક જ ઘરમાં રહેતા બે માણસો એકબીજા સાથે સૌથી ઓછું બોલે છે.

દરેક ઓરડામાં પોતાનું ટેલિવિઝન છે. દરેક પાસે પોતાનો મોબાઈલ છે. છતાં દરેક માણસ પોતાને એકલો માને છે. આખું અઠવાડિયુ ભાંગતા, દોડતા, હાંફતા, હાંફતા, વીતી જાય છે. સમય નથી કહેતા આપણને સૌને ખરેખર એ કલ્પનાજ નથી આવતી કે સમય રહેતો નથી આખરે,

સમય બદલાયો છે. જરૂરિયાતો બદલાઈ છે. બેચેન, અકળાયેલો, ધૂંધવાતો, ચિડાયેલો માણસ રઘવાયો રઘવાયો ફરે છે. શોધે છે, શોધ્યા કરે છે, શોધ્યા જ કરે છે.

સદીઓથી માણસ એકજ વસ્તુ શોધે છે, સુખ!

સદીઓથી માણસ સુખ શોધે છે પણ મળતુ નથી.

બુધ્ધ ઘર છોડે છે, મહાવીર વસ્ત્રો ત્યાગે છે, જીસસ ક્રોસ પર ચઢી જાય છે, કુંભના મેળામાં ટોળા ટોળા સ્નાન કરવા જાય છે, મંદિરોમાં કતારો લાગે છે, ન્યુમરોલોજીસ્ટ, સાઈક્રાઈસ્ટીસ્ટ, જ્યોતિષ, ટેરોકાર્ડ યોગ ગુરૂઓના ધંધા ધુમ ચાલે છે.

સેન્સેક્સ ઉપર જાય છે. પ્રોપર્ટીના ભાવ

આસમાનને અડે છે. મેકડોનાલ્ડ, પીઝા હટ, તનિષ્ક, રિબોકની બ્રાન્ડોથી બજારો ઉભરાય છે. રોજ એક નવો મોલ ઉભો થાય છે. ઘરના ખૂણે ખાચરે ઈન્ટરનેટના ગુગલ સર્ચ ઉપર કે મોલની ઝળહળથી બજારોમા પણ સુખ ક્યાંય નથી.

તો પછી ક્યાં ગયું જેને આપણે સુખ કહેતા હતા તે !

સુખતો ખુલ્લી આંખે જોવાનું છે. દિલથી સ્પર્શવાનું છે. સુખ આપણી સાથે જ હોય છે. સામેના ટેબલ પર ઘરમાં બગીચામાં સવાર સાંજ વોક લે છે આપણી સાથે ભુલાઈ ગયેલી એક પંક્તિ ગણ ગણવામાં વિસરાઈ ગયેલા એક નામ ને યાદ કરવામાં, કોઈને ખૂબ ચાહયું હોય એને યાદ કરીને સ્મિત કરી લેવામાં, રાત્રે ખુલ્લા આકાશમાં તારાઓ ગણવામાં કે સમુદ્ર કિનારે સમી સાંજે ડુબતા સુરજને જોવામાં ઓફિસમાં અડધો દિવસ રજા લઈ મિત્રો જોડે ટોળા ટપ્પા કરવામાં. વર્ષોથી ન ગયા હોય એવા સ્થળે જઈ ઉભા રહેવામાં કે વરસતા વરસાદમાં ન્હાતા બાળકોને કાગળની હોડી બનાવી આપવામાં, રોજ ગરમા ગરમ ચા પીવડાવતી પત્ની ને વહેલા ઉઠી ચા બનાવી એક કપ પીવડાવવામાં, મન જ્યાં ઠરીને બેસી શકે, ખડખડાટ હસી શકાય, ના પાડવી હોય તો ના પડાય ને હા પાડવી હોય તો હા પડાય, એક પણ શબ્દ બોલ્યાવિના બધુ જ કહી દેવાય. હૃદય જેમાં આનંદ અનુભવે. મનથી આપણે માણી લઈએ તે બધામાં સુખ છે.

ખરુ પૂછોતો સુખ આપણાથી એકદોઢ ફૂટ દૂર જ ચાલતું હોય છે. આપણી રાહ જોતુ હાથ અડાડી ને અડી લો.

આપણી પથારીમાં જ સુતુ હોય છે. હાથ લંબાવીને લપેટી લો. પડખામાં લઈ લો નાની નાની ક્ષણો એને માણી લેવાનું છે. આવનારી પળે શું થશે એની આપણને ખબર નથી.

સુખ એટલે આ પળ ! સુખ એટલે હંમણા મળયુ તે છતાંય આખે આખુ સુખ કોઈને મળતુ નથી.

સુખ સાથે ચોવીસ કલાક એક છત નીચે ન રહી શકાય, ક્યારેક એક ઓશીકા પર એની સાથે આખી રાત જાગી શકાય ....

**ખલીલધન તેજવી લખે છે.**

ફોગટ છે મણ મણ અંધારા, ઝબકારના કણ કણમાં જીવો
આસપાસમાં ક્યાય નથી, એ દૂર જૂઓ તો ત્યાંય નથી
કાલે જેમા દેખાતુ હતુ આજે તો એમાય નથી.
જીવતરના દ્વારે બંધાતા રોજ નવા તોરણમા જીવો
સુખને નાની નાની ક્ષણમાં જીવો !
સુખને નાની નાની ક્ષણમાં જીવો.

**- દેવાગં રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

# બે કાવ્ય પુષ્પોનો પમરાટ

આપણા બાલાસિનોરે વિવિધ ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભાનો પરિચય આપ્યો છે. સાહિત્યના ક્ષેત્રે આજે બે કવિઓનો એમનાં કાવ્ય-પુષ્પો દ્વારા પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

## (૧) કાવ્ય સંગ્રહ : 'અનુભૂતિ'

**કવિ લેખક - મુકુન્દ પરીખ-રન્નાદે પ્રકાશન**

કવિ-લેખક મુકુંદ પરીખના કાવ્ય સંગ્રહ અનુભૂતિમાં એમની સંવેદના તેમજ સર્જકતાનો આપણને અનુભવ થાય છે. મિત્ર રજની પરીખ દ્વારા ઘણા સમય પહેલાં કવિના હસ્તાક્ષરમાં મળેલ કાવ્ય સંગ્રહ (તા. ૯-૪-૧૨) સાદ્યંત વાંચી ગયો છું. મુકુંદભાઈ ન કેવળ કવિ છે, સર્જક પણ છે એમના આ અગાઉ પાંચ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે. જેમાં મહાભિનિષ્ક્રમણ નવલકથા સાહિત્ય જગતમાં પોંખાઈ છે અને એક એકાંકી સંગ્રહ, વાર્તા સંગ્રહ અને બે કાવ્ય સંગ્રહનો સમાવેશ છે.

અનુભૂતિમાં કુલ ૪૦ કાવ્યો અને કેટલાંક અંગ્રેજી કાવ્યોનો અનુવાદ છે. આ સંગ્રહમાં જાણીતા કવિ રાધેશ્યામ શર્માએ 'ગજવે ઘાલી ફરું ...! કાવ્યનો આલ્હાદક રસાસ્વાદ કરાવતા 'ગામને શૈશવનું પ્રતીકરૂપ અર્પતી રચના' કહી છે. વળી સમાપન કરતાં એમણે લખ્યું છે. 'મહાભિનિષ્ક્રમણ' જેવી નવલના સંસિધ્ધ સર્જક મુકુન્દ પરીખનું આ ગદ્ય કાવ્યસર્જન એમના નકશીદાર ભાષાકર્મ-શબ્દ-વિદ્યા નથી, કલ્પનાશીલતાથી સંપ્રજ્ઞ ભાવકો માટે એક યાદગાર નજરાણું છે.

આ સંગ્રહનાં કાવ્યોને માણવા માટે તો પુસ્તક પાસે જ જવું પડે. સુજ્ઞ વાંચકો ભાવિકોને નિરાશ નહીં થવું પડે.

**મુકુન્દ પરીખ :**

હર્ષ, ખારાકુવા, બાલાસિનોર- ૩૮૮૨૫૫

# ઘાસની ગંજીમાંથી સોય શોધવાનો પુરુષાર્થ એક આવકાર્ય પ્રકાશન

શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળના ઉપક્રમે છેલ્લા ચાર વર્ષથી એક અનોખી પ્રવૃત્તિનો આરંભ થયો છે, તે વાડસોલ કર્મવીર અને વાડસોલ ગૌરવ સન્માનનો.

વર્ષ ૨૦૦૯ થી વર્ષ ૨૦૧૨ સુધી આ સન્માનને પાત્ર વ્યક્તિઓને શોધી આપણા સુધી જાણ કરવાના ભગીરથ પ્રયાસની ગાથા ગાતું સ્મરણીય સુંદર પ્રકાશન તા. ૧૭-૯-૧૨ના કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવ્યું. એમાં બે કર્મવીર - મુ. શ્રી રમણીકભાઈ ધારીઆ અને મુ. શ્રી મણીકાન્ત કડકીઆનો ઉલ્લેખ છે. આ બાબત વિષે આપણે ભાગ્યેજ કશું કહેવાનું રહે છે.

આ સાથે જ ગૌરવ પુરસ્કારની લાભાન્વિત કુલ ૨૭ વ્યક્તિઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. એમાં જુદા જુદા ક્ષેત્રની પ્રતિભાવંત વ્યક્તિઓનો સમાવેશ કર્યો છે. ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા દર્શાવનાર આપણા નાગરિકોનો સુપેરે સુંદર સુઘડ મુદ્રણમાં પરિચય સાંપડે છે.

આ બધામાં ખાસ નોંધનીય વ્યક્તિત્વ તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સુરેન્દ્રભાઈ પરીખ, કિશોરભાઈ ગાંધી, કોમોડર કુંજબિહારી દોશી, નિરંજન પરીખ તેમજ હર્ષદ દેસાઈનો અત્રે ઉલ્લેખ કરવો ઉચિત લાગે છે અને હા ૨૦૦ વિદ્યાર્થીઓમાંથી સોલિસીટરની પરીક્ષામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર શૈશવી રાજેશ કડકીઆ આપણી પ્રથમ મહિલા સોલિસીટરનો ઉલ્લેખ અનિવાર્ય લેખું છું.

આ સિવાય પ્રતિભાવંત કુલ ૬ સ્વ. મહાનુભાવોને યાદ કરી આ પ્રકાશનમાં સમાવી લેવામાં આવ્યા છે. એ ખરેખર ખૂબ જ પ્રસંશનીય છે.

આપણા આવા સમાજરત્નોને આપણી સમક્ષ સરસ મુદ્રણ, સંકલન દ્વારા રજૂ કરી મંડળે એક આવકાર્ય કામ કર્યુ છે. આ માટે મંડળને, સંકલન કર્તા ચેતન મોદી અને સુંદર મુદ્રણ માટે શીલદીપ પ્રિન્ટર્સ ને અભિનંદન.

**- પ્રવીણ દેસાઈ**

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

ગત તારીખ ૧૦મી સપ્ટેમ્બર સોમવારે અધિક મહિના નિમિત્તે લાડની વાડીમાં 'વિવાહ ખેલ મનોરથ' રાખવામાં આવેલો. જેમાં ૧૦૮ શ્રી પૂ.પાદ નિકુંજલતા બેટીજી તથા તેમના વહુજી પધારેલા હતા. જેમણે આપણને ઠાકોરજીના વિવાહ સંદર્ભે પ્રવચન આપેલું. આખો મનોરથ પૂ. પાદ બેટીજીના નેજા હેઠળ મિનોતી શાહ, ઉર્મિલાબેન વોરા, નયના દેસાઈ, કલ્પનાબેને ધોળ, પદ કિર્તન વગેરે ગોઠવી આપી નૃત્યનાટિકા જેનું કોરિયાગ્રાફર અલ્પા કડકીઆએ કરેલુ. અમી ધારિયા તથા રોહિણી કડકીયાએ પણ આમા મનોરથમાં લગ્ન જેવો મહોલ તૈયાર કરવામાં મદદ કરેલી. તથા કમિટિની બહેનોએ અને વોલિંટીયર બહેનોએ બહુ જ મદદ કરેલી. આ આખા મનોરથમાં આપણને ૪ મનોરથી તરફથી ડોનેશન પ્રાપ્ત થયુ હતુ. આપણા જ ગામની બહેનોએ પોતપોતાની પ્રતિભા દાખવી અને નૃત્ય નાટિકામાં ભાગ લઈ મનોરથને સફળ બનાવેલો. મનોરથીમાં નંદબાવાના તરફથી શ્રીમતી સરોજબેન રજનીભાઈ કચેરીઆ તરફથી રૂા. ૧૫૦૦૦ પ્રાપ્ત થયેલા હતા. વૃષભાણજી શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાળા) તરફથી તા. ૧૫૦૦૦ પ્રાપ્ત થયેલા. શ્રીમતી બેલાબેન મનોજભાઈ કચેરીઆએ રૂા. ૧૦૦૦૦ આપેલા તથા આવેલ સર્વે મનોરથીઓને શ્રીમતી ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર શાહ (હસ્તે સ્મિતા શૈલેષ શાહ) તરફથી પ્લાસ્ટિકના લોક એન્ડ સીલ ડબ્બાની પહેરામણી આપવામાં આવી હતી. વિવાહના મહોલ પછી જમણવારને કેમ ભૂલાય તેથી બધી બહેનો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. પણ એક વાતનું દુઃખ થાય છે કે અમે આ પ્રોગ્રામ ગામની સભ્ય બહેનો માટે જ કરીએ છીએ તો તમે ન ખાતા હોય તો કુપન પાછી આપો એને બદલે ઘણાએ રસ્તે ચાલતાને લાવીને પોતાની ડીશ આપીને જમાડેલા, આવું ભવિષ્યમાં ન થાય તેની બહેનો નોંધ લેશો.

## આગામી કાર્યક્રમ

આવતા મહિનાની ૩જી નવેમ્બરે શનિવારે બપોરે ૩ વાગે તારાબાઈ હોલમાં નવરાત્રીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમા લ્હાણીના રૂા. ૫૦ તથા નાસ્તાના રૂા. ૫૦ રાખવામાં આવ્યા છે. સાથે સભ્યકાર્ડ લાવવું જરૂરી છે. નવરાત્રીના પાસ તા. ૨૩મી ઓક્ટોબરને બપોરે ૩ થી ૪ દરમિયાન નવયુવક સંઘની ઓફિસમા આપવામા આવશે અથવા કોઈપણ કમિટિ બહેનોને આપી શકશો.

## સ્નેહ સંમેલન ''લોક સાગરના મોતી''

સ્નેહ સંમેલન નવેમ્બર મહિનાની ૨૨મી તારીખે ગુરૂવારે બપોરે ૩ કલાકે તેજપાલ ઓડિટોરીયમમાં **'લોક સાગરના મોતી' ચેતન ગઢવી**નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. જેના પાસ તારીખ ૧૭મી નવેમ્બરને શનિવારે બપોરે ૩ વાગે સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. એક વ્યક્તિને ૪ કાર્ડ પર ૪ ટિકિટ આપવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે કિટિક આપવામાં આવશે. જેનો ચાર્જ રૂા. ૫૦ રાખવામાં આવ્યો છે. પરંતુ સભ્ય કાર્ડ હોવું જરૂરી છે. સભ્ય કાર્ડ પર જ દરેક વ્યક્તિને Entry આપવામાં આવશે.

આપણા સ્નેહ સંમેલનમાં અમૂલ્ય ફાળો આપનાર છે. 'શ્રીમતી બેલાબેન મનોજકુમાર કચેરિયા' સંસ્થા તેમનો તથા તેમના પરિવારજનોનો આભાર માને છે.

**- સંયોજક - કુંજુ હેમેન્દ્ર શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

### શ્રી બા.ન. સંઘ સંચાલિત

# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન



શ્રીમતી બેલાબેન મનોજભાઈ કચેરીઆ

Smt Belaben Manoj Kumar Kacharia the daughter of late shri kantilal garbaddas desai & late smt savitriben Kantilal desai was the youngest of 5 siblings. She attended the Ratnachintamani school for girls and cleared ssc with a first class. Pursuing further studies, she attended the SNDT college for getting a bachelor degree in the field of arts. However during her second year of college she ended up marrying Shri Manoj Kacharia. Moroever ,looking at the importance of education she pursued her passion & finished her studies and secured her degree. This clearly shows that she was ever aware of the saying that if a woman is educated the entire family ends up being educated and well groomed.

After getting married at a young age to an upcoming and hardworking businessman in shri Manoj Kacharia, she was aware of the fact of sacrificing her days of enjoyment. However, at every opportunity Manojbhai made sure to make it up to her. She always enjoyed these outings however small or impromptu they were. She was sure that her sacrifices now will help her have a very relaxed and enjoyable future. Her support in every manner to Manojbhai was remarkable. Being a house wife she was very close to her father-in-law as well as mother-in-law. The late smt leelaben Pravinchandra Kacharia has groomed her in a brilliant manner and taught the expertise of keeping a family united. Moreover, a way to a man's heart is through his stomach so her exemplary culinary skills made her the favourite of the kacharia family.

Now, with her elder son rikin getting married to Dhwani, she is passing on the mantle to her and taking a backseat in the daily chores of the house. As she is an avid follower of yoga, she is constantly engaged in teaching yoga to her friends & relatives as a hobby. Also teaching our mother Language, Gujarathi to the society kids is her passion and does it on a free basis. Moreover, attending Kirtan classes & meditating in her free time is the most that she looks forward to. Like every woman she goes out of the way and helps make life worth living at least for her family.

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.


1. Basic Cum Value Added Course - Rs. 1400/-
2. Tally ERP 9 - Rs. 2200/-
3. DTP (Desk Top Publishing) - Rs. 2000/-
4. Web Page Designing (WPD) - Rs. 3200/-
5. Complete Grandmaster (Kids Concept) - Rs. 900/- to Rs. 3600/-
6. Tiny Ladies Cum Value Address Course - Rs. 1700/-

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬
Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

## ૬૧મા રસોત્સવના મુખ્ય મહેમાન
## શ્રી મનોજભાઈ કચેરીઆ



Shri Manoj Kacheria, Son of Late Shri Pravinchandra Lallubhai Kacheria & Late Smt Lilaben Pravinchandra Kacheria, is a leading businessman & the Managing Director of Prabhat Cables Pvt Ltd. He joined the company Prabhat Electricals (now Prabhat Cables Pvt Ltd) at the age of 18 years. Using his high risk taking ability coupled with the trust and backing of his brothers Shri Nitin Kacheria & Shri Amrish Kacheria, the company scaled new heights of success. He was highly instrumental in making Prabhat Electricals a famous entity in the Industrial Sector by supplying standard and non standard items along with exemplary services. Now, under his expert guidance along with Shri Amrish Kacheria handling the daily working, Prabhat Cables Pvt Ltd is growing in an organized manner with targets for an even brighter future. Along with being an outstanding business man, he has not forgotten his roots. The saying of "giving back to the society" has well and truly been executed with perfection by Shri Manoj Kacheria. At the onset of the year 2012, he had organized a Shrimad Bhagvad Saptah of Shri Yadunathji at T G Pavillion in Mumbai for seven days. This Saptah was broadcasted all over the world through Aastha Channel as well as domestically. He is very keen on promoting Pushtimarg on an international level and more importantly amongst the younger generation. Shri Manoj Kacheria, has also been regularly organizing events at the Vashi Haveli and making arrangements for everyone to seek the blessings with ease. Recently he had organized the first show of " Shree Ardha Avatar" for the Balasinor community. He is also highly influential in the Champaran temple located in Raipur and has organized quite a few events for the community. He has also been awarded by the Balasinor community for arranging these events.

## દિવાળી બક્ષિશ

૧૯૯૩ના વર્ષથી અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ દિવાળી પર્વ નિમિત્તે રૂા. ૫૦૦/- ની સહાય એક દાતા તરફથી સતત વીસ વર્ષથી આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આ સહાય આપવાની છે. મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૨૬.૧૦.૨૦૧૨ના રોજથી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાસય ખાતેથી કામકાજના દિવસોમાં ૧૨ થી ૬ ના સમયમાં આપવામાં આવશે.

મુંબઈની બહાર વસતા કુટુંબોએ મનીઓર્ડરથી સહાયની રકમ મોકલવામાં આવશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાંત કડકીઆ મારફતે આપવામાં આવશે.

સતત વીસ વર્ષથી આવી સહાય આપનાર અનામી દાતાને અભિનંદન.

**- રજની લટકારી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
# ' ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૨-૧૩

(૧) તા. ૧૧-૧૧-૧૨ થી તા. ૧૫-૧૧-૧૨ સુધીના પ્રોગામ માટે ના જમવાના પાસ, બેનર, ટીકીટના કવર, પીકચરના પાસ, સમગ્ર પ્રીટીંગનો ખર્ચ. આપણને ગં.સ્વ. કોકીલાબેન જયંતીલાલ શાહ હસ્તે તેમના પુત્રો શ્રી ધર્મેશભાઈ અને શ્રી સંજયભાઈ તરફથી મળ્યો છે. સંસ્થા તેઓનો આભાર માને છે.

(૨) તા. ૧૧-૧૧-૧૨ ના રાત્રીના ૯.૩૦ વાગ્યે મ્યુઝીકલ ગેમ્સ શોનું આયોજન. લાયન્સ કલબ હોલ ખાતે કરેલ છે. તો આ ગેમ્સના બધાજ ઈનામો આપણને શ્રીમતી પ્રીતીબેન મનોજકુમાર પરીખ (બખલી) તરફથી મળ્યા છે. સંસ્થા તેમનો આભાર માને છે.

(૩) તા. ૧૨-૧૧-૧૨ના રાત્રીના ૯ વાગ્યે હોળીચકલા મુકામે શ્રી નાથજીબાવાના ભજનો, ગરબા જેવો ભક્તિમય પ્રોગ્રામ રાખેલ છે. (રાધેશ્યામ નંદુભાઈ (ભગત) અમદાવાદવાળા) ઉપર મુજબનો પ્રોગ્રામ આપણા વતન ના નીચે મુજબના વતનના ભાઈઓ તરફથી મળેલ છે. જેઓના નામ નીચે મુજબ છે.

(૧) દીલીપ મુળજીભાઈ ધારીઆ (૨) પ્રદીપ નવનીતલાલ ધારીઆ
(૩) સૌમીલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાલા) (૪) મનીષ બાબુલાલ શાહ
(૫) દીલીપ રસીકલાલ સોની (૬) ગોપાલ ભીખાલાલ દરજી
(૭) મનોજ કીરીટભાઈ ભાવસાર (૮) રવી અશોકભાઈ સોની
(૯) વીમલ ચંદ્રકાંત સોની (૧૦) કાનવ વીનુભાઈ સુખડીયા (૧૧) ધવલ કૌશીકભાઈ ભાવસાર

(૪) તા. ૧૨-૧૧-૧૨ના રોજ પીકચર નો શૉ શક્તી સીનેમા, વીરપુર રોડ ખાતે આયોજીત કરેલ છે. પીકચરના શૉમાં મધ્યાંતર સમયે એક અનામી દાતા તરફથી દરેક વ્યક્તિને ઠંડુ પીણું આપવામાં આવશે. સંસ્થા તેમનો આભાર માને છે.

(૫) તા. ૧૩-૧૧-૧૨ના રોજ સવારે ૧૦ વાગ્યે 'લાયન્સ કલ્બ હોલ' ખાતે ૭ થી ૧૪ વર્ષ સુધીના બાળકો માટે "Minute to win it' ગેમ્સનું આયોજન કરેલ છે. આ ગેમ્સનું સંપૂર્ણ આયોજન ઈનામ સાથે ડૉ. રાકેશભાઈ નગીનદાસ શાહ અને શ્રીમતી ભૃકુટીબેન રાકેશભાઈ શાહ તરફથી મળ્યુ છે. સંસ્થા તેમનો આભાર માને છે.

(૬) તા. ૧૪-૧૧-૧૨ના રોજ રાત્રીના ૯ વાગ્યે ઓકેસ્ટ્રા પાર્ટીનું આયોજન સીધનાથર્પાટી પ્લોટ ખાતે કરેલ છે. ફક્ત ઓકેસ્ટ્રા પાર્ટીનો ખર્ચ આપણને વતનના આપણા નીચે મુજબના ભાઈઓ તરફથી મળ્યો છે.

(૧) મણીકાંત છોટાલાલ કડકીઆ (૨) મયંકકુમાર રજનીકાંત કડકીઆ (ટીનુભાઈ ચોકસી)
(૩) પ્રીયકાંત કીર્તનલાલ દેસાઈ (લાટવાલા) (૪) કૌશીકભાઈ શાંતીલાલ ચોકસી
(૫) શશીકાંત બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) (૬) પંકજકુમાર મનુભાઈ શાહ (ચાહવાળા)

સંસ્થા ઉપરના સૌનો આભાર માને છે.

**મંત્રી : ભાવેશ મોદી**

**સંયોજક : જીગર મણીકાંત કડકીઆ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત**


# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા)

## પુરસ્કૃત ૬૧માં વાર્ષિક રસોત્સવ

## તા. ૨૫-૧૧-૧૨ રવિવારે સવારે ૯ કલાકે

## સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીનલાઈન્સ, મુંબઈ

## મુખ્ય મહેમાન : શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ



# અનોખો આધુનીક (Modernised look) અને Presentation સાથેનો ગુજરાતી ગીતોનો કાર્યક્રમ

જાણીતા અને માનીતા ગીતો સાથે કંઈક ભુલાઈ ગયેલા અને અભરાઈ એ ચઢી ગયેલા ગીતો.

ગુજરાતી ગીતોના કાર્યક્રમ માટે લોકોને ભ્રમ હોય કે ગામડાનો સેટ, ગાદી-તકીયા, કુર્તા-પાયઝામામાં કલાકારો વગેરે પણ હુતુતુતુ નો પડદો ખુલે અને આ ભ્રમ ભાંગે

હુતુતુતુ એટલે મોટી ઉમરના લોકોની સાથે યુવાન હૈયાઓને પણ ગુજરાતી ગીતોમાં તરબોળ કરી દેતો કાર્યક્રમ.

સુંદર સેટ, Light Effect અને અદ્ભૂત Audio Visual Combination પ્રોજેકટર સ્ક્રીન સાથેનો ગુજરાતી ગીતોનો કાર્યક્રમ સાથે અવનવા Animations પણ લોકો આનંદથી માણે. બે ગીતો વચ્ચે હાસ્ય અને રમુજીની વાતો નો Non Stop Flow વાડસોલ ના વડીલોથી લઈને ન્યુર્યોક અને ન્યુઝર્સીના Dude ને આનંદીત કરવાના તમામ ગીતો.

સારા ગાયક સાથે તાલના પણ જાણકાર તુષાર ત્રિવેદી જ્યારે લોકોના તાલ પર Rhytham - Solo વગાડે છે એ લોકોને ખુબજ આશ્ચર્ય ચકિત અને રોમાંચિત કરી દે છે.

વહેલો તે પહેલો ધોરણ વ્યક્તિ દીઢ ફક્ત બે ટીકીટો આપવામાં આવશે તેમજ કાર્યક્રમ પુરો થયાબાદ સુંદરાબાઈ હોલ મરીનલાઈન્સ ખાતે રૂા. ૧૫૦/- ભરી ને જમવા માટેની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તા. ૧૮-૧૧-૧૨ રવિવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન ટીકીટ તથા જમવાના પાસ નીચેના સ્થળે થી મળશે.

(૧) **શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા)** સભાગૃહ, પ્રગતિ સમાજની ઓફીસ

(૨) **બાંદ્રાથી ગોરેગાંવ : હીમાશુંભાઈ હરિશચંદ્ર દેસાઈ (દેડકી) - ૯૮૨૧૦૨૦૮૮૮૧**
૯/૧૨ ઘાસવાલા બિલ્ડીંગ, રૂમ નં. ૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈસ્ટ)

(૩) **મલાડ થી કાંદિવલી : કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) ૯૮૨૧૧૬૪૭૩૧ (નિમિષ ગાંધી),**
એ-૨૪ કૈલાશ નગર, શંકરગલી, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

(૪) **બોરીવલી થી વિરાર : નીલેષભાઈ નવનીતલાલ શાહ : ૮૦૮૨૪૩૨૩૦૧,**
સી/૨૪ સરદાર સ્મૃતિ, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)

**નોંધ : જમવાના પાસ તા. ૧૮-૧૧-૧૨ થી ૨૨-૧૧-૧૨ સુધી જ મળશે. તા. ૧૮-૧૧-૧૨** પછી પાસ **સોમીલભાઈ જીતેન્દ્રભાઈ મોદી, શૈલેષ ટુલ્સ એન્ડ હાડવેર માર્ટ,** ૧૬ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ -૩, **(૯૯૨૦૨૧૩૪૨૬) તથા દીક્ષીતભાઈ કીર્તનલાલ પરીખ:** ૧૩, મહેતા વોરા બિલ્ડીંગ, ૨૮ બાબુગેનુ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૨ **(૯૮૧૯૫૮૫૮૧૮)** પર થી મળશે.

**તા.ક. :** સમય મર્યાદા ને ધ્યાનમાં લઈ સંપૂર્ણ પ્રગ્રામ નો લાહવો માણવા માટે સૌને નમ્ર વિનંતી છે તે સમયસર હાજર રહેવું.

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : દીક્ષીત પરીખ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી મીનાબેન સુધીર ધારિયા (રંગુનવાળા) પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ યોજે છે (ગુજરાતી નાટક)**

**તારીખ : ૧૬-૧૨-૧૨ સવારે ૯.૩૦ કલાકે રવિવાર સ્થળ : પ્રબોધન ઠાકરે હોલ બોરિવલી (વેસ્ટ)**

આ સાથે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (હસ્તે શ્રી રાજુભાઈ, પુરસ્કૃત પારિતોષિકનું વિતરણ ધો. ૧ થી ૯ ગુજરાતી તેમજ ઈંગ્લીશ મીડીયમનું રાખવામાં આવ્યું છે. દરેક વિદ્યાર્થીઓને જણાવવાનું કે તેમની માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળ એડ્રેસ અને ફોન નં. લખી કોઈપણ ઉપનગર વિભાગના કાર્યકર્તાઓને પહોંચાડી દેવી સાથે ઓરીજીનલ માર્કશીટ બતાવવી. તા. ૧૨-૧૧-૧૨ પહેલા પહોંચાડવી.

**નોંધ : ગુજરાતી નાટક માટે વધુ વિગત આવતા અંકમાં આવશે**

**માર્કશીટ આપવાનું સ્થળ :**

- શ્રી હેમેન્દ્રભાઈ રમણલાલ શાહઃ સી/ ૩૦૨, સુમેરનગર, એસવીરોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ.
- શ્રી નીમીષ બાબુલાલ ગાંધીઃ બી/ ૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, શંકર લેન કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.
- શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી : બી/ ૧૨ નવશીલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, અંધેરી (વેસ્ટ), મુંબઈ.
- શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ : ૧૧૮/૧૨૦, અરદેશર દાદીસ્ટ્રીટ, મુંબઈ.

| કન્વિનર : | મંત્રી : |
|---|---|
| **શ્રી હેમેન્દ્ર આર. શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬** | **શ્રી ભાવેશ મોદી - ૮૮૭૯૪૨૨૩૦૪** |

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## PRESENTS
# SHREE NATVERLAL CHUNILAL MODY JANSATHI CRICKET TROPHY 2012-13

